*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. [redacted]

# 10 (G)

**(MARCH/APRIL, 2022)**

---

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

<u>સૂચનાઓ :</u>

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D છે. તથા 1 થી 54 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુમાં અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન - 54 નકશાપૂર્તિ ફરજિયાત છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

---

## <u>વિભાગ – A</u>

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો 24 પ્રશ્નો હેતુલક્ષી. (દરેકનો 1 ગુણ)** **[24]**

- **યોગ્ય જોડકાં જોડો.** **[5]**

| (A) | (B) |
|---|---|
| 1) અંબાજી | (A) ભવનાથનો મેળો |
| 2) ગિરનાર | (B) ભાદરવી પૂનમનો મેળો |
| 3) ધોળકા | (C) જરીકામ |
| 4) સુરત | (D) વલભી વિદ્યાપીઠ |
| 5) પટણા | (E) વૌઠાનો મેળો |
| | (F) નાલંદા વિદ્યાપીઠ |

- **નીચેના વિધાનો ખરાં કે ખોટાં છે. તે જણાવો.**

6) નાલંદા વિદ્યાપીઠના બૌધ્ધ આચાર્યનાગાર્જુન હતા? [1]

7) સામાન્ય પણે મળી આવતા સંસાધનોને સામાન્ય સુલભ સંસાધન કહે છે? [1]

8) પૃથ્વી પર જળ સંસાધનનો મુખ્ય સ્ત્રોત "વૃષ્ટિ" છે? [1]

9) શ્રમ એ ઉત્પાદનનું નિર્જીવ સાધન છે? [1]

10) આંતકવાદ એ જે તે દેશનીજ સમસ્યા છે? [1]

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.**

11) મહર્ષિચરકે ............ ગ્રંથ લખ્યો હતો? [1]
(ચરકસંહિતા, સુશ્રુતસંહિતા, વાગ્ભટ્ટ સંહિતા)

12) એલિફન્ટાની ગુફા ............ રાજ્યમાં આવેલી છે? [1]
(આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત)

13) ............ રાજ્ય દેશમાં સૌથી વધુ સૌરઊર્જા મેળવતું રાજ્ય છે? [1]
(મહારાષ્ટ્ર, ગુજરાત, કેરળ)

14) વિકાસશીલ દેશોની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ ............ છે. [1]
(ઉદ્યોગ, વ્યાપાર, ખેતી)

15) નીચેના દેશોમાં સૌથી નિમ્ન માનવવિકાસ આંક ધરાવતો દેશ ............ છે? [1]
(નોર્વે, નાઈઝર, બ્રાઝીલ)

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી M.C.Q. ના જવાબ આપો.**

16) નીચેનામાંથી ક્યું વિધાન સાચું નથી? [1]
(A) ભારતે 'વસુધૈવકુટુંબકમ્' ની ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે.
(B) મને કહેતાં ગર્વ થાય છે. કે જે ધર્મનો હું પ્રતિનિધિ છું તે ધર્મે જગતને સહિષ્ણુતા અને વિશ્વબંધુત્ત્વના પાઠો શીખવ્યા છે? સ્વામી વિવેકાનંદ
(C) ડચ અને અંગ્રેજોને પણ સહિષ્ણુતા અને વિશ્વબંધુત્ત્વમાં માનતી ભારતની પ્રજાએ આવકાર્યા
(D) પ્રાચીન ભારતના જ્યોતિર્ધરોએ ભારતની આર્થિક એકતા પર ભાર મૂક્યો હતો.

17) આ જમીન હિમાલયની ખીણો અને ઢોળાવોના ક્ષેત્રોમાં 2700 મીટર થી 3000 મીટર સુધીની ઊંચાઈ પર જોવા મળે છે. તેનું સ્તર પાતળું અને અપરિપક્વ છે. તે કયા પ્રકારની જમીન છે? [1]

(A) લેટેરાઈટ (B) પર્વતીય

(C) દલદલ (D) લાલ

18) નીચેની બહુહેતુક યોજનાઓને તેના લાભાન્વિત રાજ્યની સાથે જોડી ક્રમ પસંદ કરો. [1]

| | |
|---|---|
| (1) ભાખરા - નાંગલ | (A) બિહાર |
| (2) કોસી | (B) પંજાબ |
| (3) નાગાર્જુન સાગર | (C) ગુજરાત |
| (4) નર્મદા | (D) આંધ્રપ્રદેશ |

(A) (1 - B), (2 - A), (3 - C), (4 - D)
(B) (1 - B), (2 - A), (3 - D), (4 - C)
(C) (1 - D), (2 - C), (3 - B), (4 - A)
(D) (1 - C), (2 - D), (3 - A), (4 - B)

19) વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના ક્યારે થઈ હતી? [1]

(A) તા - 8-8-1995 (B) તા - 8-3-1995

(C) તા - 1-1-1995 (D) તા - 21-4-1995

20) ભારતમાં નક્સલવાદી આંદોલનનો ઉદ્ભવ પં.બંગાળના કયા વિસ્તારમાંથી થયો હતો? [1]

(A) નક્સલબારી (B) ઉત્તરબારી

(C) નોર્થબારી (D) ઉત્તર-પૂર્વ

- **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો.**

21) ગુજરાતમાં રોપ-વે કઈ કઈ જગ્યાએ આવેલા છે? [1]

22) ભારતમાં સૌથી ઓછી ગરીબી ધરાવતું રાજ્ય કયું કયું છે? [1]

23) 'વિશ્વ વૃધ્ધદિનની' ઊજવણી કઈ તારીખે થાય છે? [1]

24) 1972 માં સ્વીડનના ક્યાં શહેરમાં પ્રથમ વખત 'પૃથ્વી-પરિષદ' નું આયોજન પર્યાવરણની સુરક્ષા માટે યોજાયું હતું. [1]

## <u>વિભાગ – B</u>

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યામુજબ જવાબ આપો. 13 (તેર) માંથી કોઈપણ 9 (નવ) (દરેકના 2 ગુણ) પ્રશ્નક્રમાંક 25 થી 37 ના આશરે 15 થી 35 શબ્દોમાં જવાબ આપો.** **[18]**

**25)** પ્રાકૃતિક વારસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે. જણાવો? **[2]**

**26)** 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' આ કહેવતને કોની સાથે સરખાવેલ છે. તેનું નામ જણાવી વર્ણન કરો. **[2]**

**27)** નીચે આપેલ શબ્દોનો પરિચય આપો. **[2]**
(1) કુમીન (2) ગરબા

**28)** પ્રાચીન ભારતના વાસ્તુશાસ્ત્રમાં કયા વિદ્વાનોનું અનોખું પ્રદાન રહ્યું છે? **[2]**

**29)** ગુજરાતમાં આવેલા મુખ્ય સંગ્રહાલયના નામ જણાવો. **[2]**

**30)** બહુહેતુક યોજનાનું મહત્ત્વ જણાવો? **[2]**

**31)** તાંબાના ઉપયોગો જણાવો? **[2]**

**32)** ભારતમાં લોખંડના મુખ્ય પ્રાપ્તિ સ્થાનો જણાવો? **[2]**

**33)** મને ઓળખો : **[2]**
(1) મને ભારતની 'સિલિકોનવેલી' કહે છે?
(2) મને સનરાઈઝ ઈન્ડ્રસ્ટ્રીઝ (Sunrise Industries) પણ કહે છે?

**34)** મુંબઈ અને અમદાવાદમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ કેન્દ્રિત થયો છે? સમજાવો? **[2]**

**35)** આંતરિક વ્યાપારનો અર્થ ઉદાહરણ સહિત સમજાવો? **[2]**


**36)** સંકલ્પના સમજાવો. **[2]**
(1) માથાદીઠ આવક
(2) બિન આર્થિક પ્રવૃતિ

**37)** પર્યાવરણની સુરક્ષા માટે લેવાયેલાં પગલાં જણાવો. **[2]**

## <u>વિભાગ – C</u>

- **પ્રશ્ન ક્રમાંક 38 થી 46 ના જવાબ આશરે (60 થી 80) શબ્દોમાં લખો. 9 (નવ) માંથી કોઈપણ 6 (છ) ના જવાબ લખો. (દરેકના 3 ગુણ)** **[18]**

38) નીચે આપેલા ભારતના નકશાના આધારે ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ, માં આવેલા સાંસ્કૃતિક વારસાનાં સ્થળોની યાદી બનાવો. [3] 3



39) નીચે આપેલા ચોરસ બોક્ષમાં ભારતની પ્રસિધ્ધ વિદ્યાપીઠો (1) નાલંદા (2) તક્ષશિલા (3) વારાણસી અને (4) વલભી વિદ્યાપીઠ સાથે જોડાયેલ કેટલીક મહાન વ્યક્તિઓના નામ આપેલા છે. જે અહીં આ નામ આડા-અવળાં મૂકેલા છે. જેને વિદ્યાપીઠ મુજબ સાચા ગોઠવીને ફરીથી લખો. [3]

| | | |
|---|---|---|
| → મહાવીર સ્વામી | → ભગવાન બુધ્ધ | → કુમાર ગુપ્ત |
| → વ્યાકરણશાસ્ત્રી પાણિનિ | → ચંન્દ્રગુપ્ત મૌર્ય | → આચાર્ય ગુણમતિ |
| → આદિશંકરાચાર્ય | → ચીની પ્રવાસી ઈત્સિંગ | → ચીની પ્રવાસી યુઅન-સ્વાંગ |
| → આચાર્ય સ્થિરમતિ | → ચૈતન્ય મહાપ્રભુ | → રાજનિતિજ્ઞ કૌટિલ્ય |

40) તાજમહેલ વિષે ટૂંકનોંધ લખો. [3]

41) જમીન ધોવાણ એટલે શું? જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો જણાવો? [3]

42) વન્યજીવોનાં વિનાશનાં કારણો જણાવો? [3]

43) ગરીબી રેખા નીચે જીવતા લોકોમાં ક્યાં ક્યાં લક્ષણો જોવા મળે છે? [3]

44) ગ્રાહકોનું ક્યાં ક્યાં પ્રકારે શોષણ થાય છે? [3]

45) બળવાખોરી અને આંતકવાદ વચ્ચેનો તફાવત સમજાવો. [3]

46) ભારતમાં સ્ત્રી-પુરુષોની અસમાનતાનાં કારણો જણાવો? [3]

## વિભાગ – D

- **પ્રશ્ન ક્રમાંક 47 થી 53 પ્રશ્નના આશરે 120 થી 150 શબ્દોમાં સવિસ્તાર જવાબ લખો 7 (સાત) માંથી કોઈપણ 4 (ચાર) પ્રશ્નોના જવાબ લખો. (દરેકના ચાર ગુણ) અને નકશાનો પ્રશ્ન નં. 54 ફરજિયાત છે. પ્રશ્નન નં 54 તમને આપેલ ભારતના રેખાંકિત નકશામાં નીચેના સ્થાન દર્શાવો. ચાર સ્થળો યોગ્ય સ્થળે દર્શાવો. (દરેકનો એક ગુણ કુલ ગુણ 4 છે)** **[20]**

47) પ્રકરણ–3 ના આધારે એક કોષ્ટક આપેલ છે. આનમૂના મુજબ ઉત્તરવહીમાં કોષ્ટક બનાવીને માગ્યા મુજબ ગુજરાતના શિલ્પ-સ્થાપત્યના સ્થળો નામ સાથે ત્રણ ક્રમ સુધી યાદી બનાવીને લખો. [4]

ઉદાહરણ: ગુજરાતની મસ્જિદ

(1) જામા મસ્જિદ – અમદાવાદ

| ક્રમ | ગુજરાતના મંદિરો | સ્થળ | ક્રમ | ગુજરાતના જૈન મંદિરો | સ્થળ |
|---|---|---|---|---|---|
| 1 | | | 1 | | |
| 2 | | | 2 | | |
| 3 | | | 3 | | |

| ક્રમ | ગુજરાતની વાવ | સ્થળ | ક્રમ | ગુજરાતની ગુફાઓ | સ્થળ |
|---|---|---|---|---|---|
| 1 | | | 1 | | |
| 2 | | | 2 | | |
| 3 | | | 3 | | |

48) ગણિત શાસ્ત્ર ક્ષેત્રે આર્યભટ્ટે કરેલી શોધો વિશે નોંધ લખો. [4]

49) તફાવત સમજાવો – ખરીફપાક અને રવિપાક [4]

50) નીચે કૃષિના બે પાકોના ચિત્રો દર્શાવેલ છે. તે પાકને ઓળખી પાકનું નામ જણાવો. અને નીચેના મુદ્દા આધારીત માહિતી આપો. [4]


(તાપમાન, વરસાદ, જમીનની અનૂકુળતા, ઉત્પાદક રાજ્યો)

(1)



તથા

(2)



51) બેરોજગારીના પ્રકારો સમજાવો. [4]

52) ISI, FPO, MPO અને HACCP આ ચારે માર્કાના પુરુ નામ લખી આ માર્કાનો ઉપયોગ કઈ વસ્તુઓ માટે થાય છે. તે જણાવો? [4]

53) બાળમજૂરી એટલે શું? ભારતમાં બાળમજૂરી ક્યાં ક્ષેત્રોમાં જોવા મળે છે. તે જણાવી બાળમજૂરીના કારણો જણાવો? [4]

54) તમને આપેલા ભારતના રેખાંકિત નક્શામાં નીચેના સ્થાન દર્શાવો. [4]

1) રણ પ્રકારની જમીન
2) રાષ્ટ્રીય ઉદ્યાન-ગીર
3) સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર-મુંબઈ
4) ચા પકવતો કોઈ એક પ્રદેશ

<u>ફક્ત અંધ ઉમેદવારો માટે.</u>

1) રણ પ્રકારની જમીન ક્યાં આવેલી છે?
2) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલું છે?
3) મહારાષ્ટ્રમાં સુતરાઉકાપડ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર કયું છે?
4) ભારતમાં ચાનું સૌથી વધારે ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે?

♦♦♦♦